
**કાર્તિક વાઘાણી એક મોટી કંપનીનો સેલ્સ મેનેજર છે. એના દ્વારા લાખોની લેવડ-દેવડ થાય છે. અચાનક એના જ જેવો, અદ્દલ એનું જ રૂપ હોય એવા આદમી અહીં તહીં દેખાવા લાગે છે! બધા એને પૂછે છે: અહીં તમે હતા ને? પણ એ કહેતો કે હું તો હતો જ નહિ! કોઈ આવું શા માટે કરે?**

# પેલો તારો થનગનતો મોરલો! શું નામ એનું? મયૂર! મોરલો!




અજય સાધારણ રીતે ડિટેક્ટીવ કામે નીકળે ત્યારે શસ્ત્રસજ્જ થઈને જતો નથી, પણ મયૂરના ફોન પછી જ્યારે એ એમ્પયર હોટેલ જવા નીકળ્યો ત્યારે એણે માનીતી વેબ્લે સ્કોટ રીવોલ્વર કોટના અંદરના ગજવામાં સરકાવી લીધી. એ હોટેલના પાર્કિંગ એરીયામાં પહોંચ્યો ત્યારે ત્યાં પોલીસવાળાઓની કેટલીય ગાડીઓ પણ પડી હતી, અને એ બધી ગાડીઓની હેડલાઈટો ચાલુ હતી, અને એ બધી લાઈટો એક સ્થાને કેન્દ્રિત થઈ હતી, જ્યાં એક મૃત દેહ પડયો હતો એ મૃતદેહ કાર્તિક વાઘાણીનો હતો.

પોલીસવાળા પોતાના વિધિઓ ચલાવી રહ્યા હતા. પોલીસ ફોટોગ્રાફર લાશના ફોટા પાડી રહ્યો હતો. બે જમાદારો લાશથી આજુબાજુની રચનાઓનાં અંતર માપીને નકશો બનાવી રહ્યા હતા. નવરંગપુરા પોલીસ સ્ટેશનનો ઈન્સ્પેક્ટર દિનકર દેસાઈ બાજુમાં ઊભો ઊભો બધી ક્રિયાઓનું દિગ્દર્શન કરાવી રહ્યા હતા. અજય એની પાસે ગયો. 'તારો અસીલ છે?' દિનકરે પૂછ્યું, જો કે એ પ્રશ્ન નહોતો. વિધાન હતું. 'એની પત્નીને અમે ફોન કર્યો છે. એ પોતાની મોટરને હવાને વેગે ઉડાડતી હમણાં આવશે.' 'ભલે, પણ મારો નવો પાર્ટનર વાઘાણીનો પીછો કરતો હતો. એને જોયો ક્યાંય?' 'પેલો તારો થનગનતો મોરલો ને? શું નામ? બરાબર મોરલાનું જ નામ છે! મારો એક રાઈટર એનું નિવેદન નોંધે છે. એ લોકો હોટેલની લોબીમાં બેઠા છે. પણ મયૂરે જે પ્રાથમિક નિવેદન નોંધાવ્યું છે એમાં એણે જણાવ્યું છે કે હું મારી મોટરસાયકલ પર બેઠો બેઠો રાહ જોતો હતો. અચાનક શું જોયું કે વાઘાણી મીટિંગ પૂરી થવાના સમય અગાઉ નીકળી રહ્યો છે. મૂળે એણે વાઘાણીને જોયો નહોતો. માત્ર બંદૂક ફૂટવાનો અવાજ સાંભળ્યો હતો. એણે જોયું કે બે ગાડીઓ વચ્ચે વાઘાણી વીંધાઈને પડયો છે. આજુ બાજુના કોઈના અણસાર નથી.'

'એમ વાત છે?' અજયે કહ્યું. 'તો તો મારે મયૂરને હમણાં ને હમણાં મળવું છે.'

'ચાલ, મેળાપ કરાવું,' કહેતા દિનકર અજયને લઈને એમ્પાયર હોટેલની લોબી તરફ ચાલ્યો. દિનકરના રાઈટર અને એક હવાલદારની વચ્ચે મયૂર સૂડી વચ્ચે સોપારી જેવો દેખાતો હતો. દિનકરે એના માણસોને જણાવ્યું કે તમે ઊભા થઈ જાવ. અજય આ જુવાન સાથે વાત કરવા માગે છે. એ લોકો અજયની અને દિનકરની દોસ્તી પિછાણે છે. ઊભા થઈ ગયા.

અજયે મયૂરની સામે બેઠક લેતાં કહ્યું, 'જો ભાઈ જે બની ગયું એમાં તારો કશો વાંક નથી, એ હું જાણું છું, અને જે સંજોગ હતા એમાં તું આમ જ કરે, એ સમજું છું.' 'પણ મેં તો ભાંગરો વાટી નાખ્યો, અજયબાબુ, 'મયૂર લગભગ રડવાની અણી પર આવી ગયો.' આપણો... આપણો કલાયન્ટ મરી ગયો.' 'ઓકે, મને બધી વાત કર. અથથી ઈતિ અને પૂરેપૂરી સાચી. તેં એને છેલ્લે ક્યારે જીવતો જોયેલો.' 'એ પોતાની કાર ચલાવીને અહીં આવીને હોટેલમાં ગયો ત્યારે.' 'આજે બપોરે તું ઓફિસે કેમ નહોતો આવ્યો?' 'વાઘાણીને બંગલે ગયેલો. રીનાદેવીને કશી વિશેષ માહિતી મળી હોય તો પૂછવા.' 'સત્યાનાશ!' અજયે કપાવી કહ્યું. 'ઠીક, આજ સાંજની વાત.' 'વાઘાણી આ મીટિંગ માટે આવનાર છે એની તો આપણને ખબર હતી. એટલે એની અગાઉ જ હું અહીં આવી ગયો. પછી મેં અહીંનો ખૂણેખૂણો અને તસુએતસુ તપાસી જોયાં. વાઘાણી જેવા દેખાતો કોઈ આદમી દેખાય છે કે નહિ એ તપાસવા, પણ મને ક્યાં એનું રૂપ... તમે એને શું કહો છો?' 'સમરૂપ'. 'હા, ક્યાંય એનું સમરૂપ દેખાયું નહિ. દરમિયાનમાં એ આવ્યો અને ગાડી પાર્ક કરીને મીટિંગમાં ગયો. મને ખબર હતી કે મીટિંગ રાતના દસ પહેલાં પૂરી થવાની નથી, એટલે ઘડીક મારી મોટરસાયકલ પર લાંબો થઈને સૂઈ ગયો.'

'એમ તને સૂતેલો ભાળીને કોઈએ ટપાર્યો નહિં?' 'હોટેલના ચોકીદારે પૂછ્યું ને! પણ મેં એને કહ્યું કે હું ડિટેક્ટીવ છું. એ સમજ્યો નહિ; એટલે કહ્યું કે પોલીસની આ એક બ્રાન્ચ છે. એલઆઈબી જેવી.' 'ઓલ રાઈટ. પછી?' 'કલાકેકની ઝપકી ખાઈને ઊઠયો. પાર્કિંગ એરીઆ સૂમસામ હતો. હોટેલમાં કોઈ નવા મહેમાનોની આવનજાવન નહોતી. વાઘાણી હોટેલને આગળને દરવાજેથી અંદર ગયો હતો, અને એ જ દરવાજેથી નીકળશે એવું મેં માનેલું. એને બદલે એ તો બાજુને, રસોઈયાઓવાળે દરવાજેથી નીકળ્યો.એ પછી હું કાંઈ કરું કરાવું એ પહેલા તો મેં ભડાકો સાંભળ્યો. હુંગોળીબારની દિશામાં દોડયો. વાઘાણી બે મોટરગાડીઓની વચ્ચે પડયો હતો.' 'પણ આખા પાર્કિંગ એરીઆમાં બીજા કોઈની હાજરીનો અણસાર નહોતો?' મયૂરે નકારમાં મસ્તક ધુણાવ્યું. 'મેં તરત જ પોલીસને ફોન કર્યો. તમને ફોન કર્યો. બીજું શું કરવું એ સૂઝતું નહોતું.' 'એમ કે?' અજયે જરા કડક અવાજે કહ્યું. 'શું કરવું એ સૂઝ્યું ન હોય તો એમ કર તારી પિસ્તોલ મને આપી દે.'

## સમરૂપ-4

### રહસ્ય ચક્ર

★ યશવંત મહેતા

'શું?' 'તારી પિસ્તોલ મને આપ.' 'કેમ?' જુવાનની વાણીમાં વયસુલભ ઉદ્દંડતા ભળી. 'જો તેં વાઘાણીને ગોળી વાગતાં પહેલાં જોયો નહોતો તો પછી કેમ ખબર પડી કે એ રસોઈયાઓને દરવાજેથી નીકળ્યો હતો?' 'મેં... મને...' 'બીજી બધી સફાઈ પછી- પહેલાં પિસ્તોલ!' અજયે દઢતાથી કહ્યું. એણે જોયું કે ઘડીભર મયૂરના દિમાગમાં બળવાની વૃત્તિ જન્મી છે. પોતે પિસ્તોલ ન આપે તો અજય શું કરી નાખશે, એવો પ્રશ્ન એને અંતરને એક ખૂણે ઊગ્યો છે. એ વાયડો થાય તો પોતાની રીવોલ્વર ખેંચવા સુધીની મક્કમતા અજયે પણ પોતાની આંખોમાં પ્રગટાવી. અલબત્ત આ દૂધ પીતા બચ્ચા પર પોતે એવો પ્રયોગ ન જ કરે; પરંતુ કડક મારો ધારણ કરવાની કળા પણ ખોટી નથી. પરિણામ ધાર્યા મુજબનું જ આવ્યું. મયૂરના ખભા લચી પડયા. નજર ઢળી પડી. એણે જાકિટના અં'રના ગજવામાંથી પિસ્તોલ કાઢીને અજયના હાથમાં મૂકી. અજયે એને બ્રીચ કરીને ચેમ્બરો જોયા. બધી ચેમ્બરો ભરેલી હતી. પરંતુ નાળમાંથી કડક ધુમાડવી વાસ આવતી હતી. બહુ થોડા સમય અગાઉ અંદર દારૂ બળ્યો હોય એવી વાસ. 'હં... તો તેંએને મારી નાખ્યો, એમ ને? ડિટેક્ટીવને માટે એનો અસીલ દૂઝતી ગાય બરાબર ગણાય. તેં ગાયને જ હણી નાખી!' મયૂર અજયની આંખો સાથે આંખો મેળવી ન શકયો. પણ આંખો એવી બની ગઈ જાણે હમણાં રડી પડશે. 'એટલે તેં એને વીંધી નાખ્યો?' 'એક જ ગોળીએ.'

'જે બન્યું તે ગેરસમજથી બન્યું. એ માટે તને કોઈ જવાબદાર નહિ ગણે. છતાં તેં પોલીસને આ સાચી વાત કેમ ન કરી?' 'મેં માનેલું મેં વાઘાણીના સમરૂપને માર્યો છે. ખુદ વાઘાણી તો મારી સામે પિસ્તોલ તાકે જ શા માટે? પણ જ્યારે મેં જોયું કે આ તો વાઘાણી જ છે, ત્યારે મને સમજાયું કે મેં ગંભીર ભૂલ કરી છે. વળી, એણે મારી સામે પિસ્તોલ કે જે કાંઈ તાક્યું હતું તે એની લાશ પરથી તો મળ્યું જ નહિ. જો એની પાસે હથિયાર ન હોય તો મેં સ્વબચાવમાં ગોળી છોડી છે એવો દાવો ય કેમ થાય? સમજ્યા ને?' 'સમજ્યો. પણ હવે બચવાનો ઉપાય એક જ છે. ધરપકડ વહોરી લે. તારા પિતાજીને તને જામીન પર છોડાવવાની જોગવાઈ કરું છું. કેસમાં તું નિર્દોષ છૂટીશ.' એ પછી અજય ઊભો થયો. દૂર ઊભેલા દિનકર પાસે જઈને બોલ્યો, 'લે, આ હથિયારથી વાઘાણી મર્યો છે. મયૂરની ગોળીથી મર્યો છે, પણ વાઘાણી પોતાને વાંકે મર્યો છે. છોકરા પર પોલીસગીરી ન કરતા.'

**'એમ તો અમારું ડિટેક્ટીવોનું કામ જ અનુમાનો પર આધારિત છે, પણ અમારા અનુમાન અધ્ધરતાલ નથી હોતા. વાઘાણીની સેક્રેટરીએ અમને કહ્યું કે સાહેબ મારી સાથે બોલ્યા નહોતા. ક્યાંથી બોલે? સમરૂપનો અવાજ પણ વાઘાણી જેવો હોવાની ગેરન્ટી નહિ! તમે કહો છો કે ગેરેજ પાસે એમના સમરૂપ સાથે મારી વાત થયેલી**

----

એ આખી રાત અજય કાર્તિક વાઘાણીના સમરૂપ વિશે જ વિચાર કરતો રહ્યો. ખુરશીમાં જ ઊંઘી ગયો. પરોઢિયે ઝબકીને જાગ્યો ત્યારે એ જ વિચારોનું સંધાન થઈ ગયું. વહેલી સવારની ઠંડી હવાએ એના દિમાગને દોડાવ્યું. દસ જ મિનિટમાં એ કૂદકો મારીને ઊભો થઈ ગયો. પરોઢના ટ્રાફિક મુક્ત માર્ગો પર મોટરસાયકલ ભગાવતો એ વાઘાણીને બંગલે પહોંચ્યો ત્યારે હજુ સાત પણ વાગ્યા ન હોતા. એણે જોયું કે વાઘાણીની મોટરગાડી એના ગેરેજમાંપડી છે.

રીનાને જગાડવા માટે પૂરી પાંચ મિનિટ સુધી ઘંટડી વગાડવી પડી. આખરે ચોળાયેલે લૂગડે અને વિખરાયેલા વાળે એ આંખો ચોળીને નીકળી. બોલી કે વેદના ભૂલવા અને થોડા કલાકોના આરામ માટે પોતે ઊંઘની ગોળી ખાઈને સૂઈ ગયેલી. એટલે ઘંડીનો અવાજ મોડો સંભળાયો. 'ચાલો, તમે કોફી બનાવો. આપણે બંને પીએ. તમને કોફીથી સ્ફૂર્તિ રહેશે. કોફી પીતા પીતા મારા થોડાક પ્રશ્નોના જવાબ પણ આપો.' અજયે સૂચવ્યું. રસોડાભણી જતા રીનાએ પૂછ્યું, 'મયૂર ઠક્કરે કાર્તિકને ગોળી મારી એ શું સાચું છે?' 'સાચું છે.' 'એ ગઈ કાલે બપોરે અહીં આવ્યો ત્યારે તો ખરેખર અમને મદદ કરવા માગતો જણાતો હતો. તો એ કાર્તિકને શા માટે મારે?'

'હું તમને એ જ પ્રશ્ન પૂછવા આવ્યો છું, મિસીસ વાઘાણી. વળી, તમારા હસબંડ જે સમસ્યા લઈને અમારી પાસે આવ્યા હતા એ અંગે પણ કાંઈક-'

'હવે જ્યારે કાર્તિક જ નથી ત્યારે કાર્તિકના સમરૂપની સમસ્યા ક્યાં રહે છે, અજયબાબુ? હા, તમારું બિલ મને મોકલાવી આપજો.'

'સમસ્યા હજુ રહે જ છે, મિસીસ વાઘાણી.' અજયે દઢતાપૂર્વક કહ્યું. 'સમરૂપની સમસ્યા નહિ પરંતુ વાઘાણીને પોતાની સમરૂપની ગપ શા માટે ચલાવી એ સમસ્યા.' 'આ શું બોલો છો તમે? સમરૂપને કારણે તો કાર્તિક બિચારો માર્યો ગયો.' બોલતા રીનાનો અવાજ ધ્રુસકાઈ ગયો. 'તમારા હસબંડના કમનસીબ મોત બદલ તમને દુઃખ હોય એ સમજાય એવુંછે, મિસીસ વાઘાણી. પરંતુ આવી ક્ષણોમાં પણ તમે લોકોએ ઊભું કરેલું છળ જાળવી રાખવાનો કશો અર્થ નથી. તમે જાણો છો કે મિસ્ટર વાઘાણીએ કંપનીના નાણાં ઊચાપત કરવાની ઉસ્તાદ યોજનાના ભાગરૂપે જ પેલું રૂપ ઊભું કર્યું હતું. અહીંતહીં દર્શન દઈને પોતે ત્યાં નહોતો એવું જૂઠ ચલાવીને એણે છળ ઊભું કર્યું. છળને વધુ દઢાવવા માટે એક નાની ડિટેક્ટીવ એજન્સીને પણ કામે રાખી. એ એજન્સીનો એક ડિટેક્ટીવ સમરૂપ જોવાની સાક્ષી પૂરે એટલે વાત પાકી બની જાય. મયૂર એને બોલાવે ત્યારે અજાણપણાનો દેખાવ કરવો અને બંદૂકડી સુધ્ધા તાકવી, એટલે જુવાન તો બિચારો એમ જ કહે ને કે એ... એ કાર્તિક જેવો હતો. પણ કાર્તિક નહોતો. બસ, પછી આ છળનો ઉપયોગ કરીને કંપનીના નાણાં તફડાવવાં! જ્યારે પૂછપરછ થાય ત્યારે કહેવુંકે એ હું નહોતો, મારું પેલું ખતરનાક સમરૂપ હશે! પણ કાર્તિક વાઘાણીને દુર્ભાગ્યે નવજુવાન ડિટેક્ટીવ પાસે પણ પિસ્તોલ હતી, અને એ શૂટિંગનો ચેમ્પિયન છે!'

'આ તો ખાલી તમારું અનુમાન છે,' રીનાએ કોફીના પ્યાલા ધરતા કહ્યું... 'એમ તો અમારું ડિટેક્ટીવોનું કામ જ અનુમાનો પર આધારિત છે, પણ અમારા અનુમાન અધ્ધરતાલ નથી હોતા. વાઘાણીની સેક્રેટરીએ અમને કહ્યું કે સાહેબ મારી સાથે બોલ્યા નહોતા. ક્યાંથી બોલે? સમરૂપનો અવાજ પણ વાઘાણી જેવો હોવાની ગેરન્ટી નહિ! તમે કહો છો કે ગેરેજ પાસે એમના સમરૂપ સાથે મારી વાત થયેલી. જો તમને એ અલગ લાગે તો સેક્રેટરીને તો લાગે જ. પણ તમે તો યોજનામાં સામેલ હતા.'

'એથી સમરૂપની હયાતી જ નહોતી એવું સાબિત નથી થતું.' રીનાએ અડિયલપણે કહ્યું.

'શાબાશ, મિસીસ વાઘાણી! સાબિતીની વાત તમે જ છેડી તે મને ગમ્યું. તમે લોકોએ સમરૂપનું આખું કાવતરું રચ્યું હતુંએની સાબિતી છે. જરૂર છે અને એને આધારે સાબિત થશે કે મયૂરે 'મિસ્ટર વાઘાણીને ગોળી મારી એમાં વાઘણીનો જ વાંક હતો. એ આડકતરો આપઘાત હતો.'

**(વાચક મિત્રો! વાર્તામાં જ સાબિતીના બીજ પડ્યા છે. અજયની જેમ તમે પણ શોધી શકો છો. કરો કોશિશ પછી ઉકેલ તો આવશે જ.)**